# આજે શહેરમાં યોજાનારો આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ

વડોદરા, શનિવાર

અત્રેની અલકાપુરી સ્થિત બરોડા હાઈસ્કૂલ ખાતે આવતીકાલે ૧૧ના સુમારે આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલના પ્રારંભ સાથે શહેરની પોતાની ફિલ્મ કલબનો પણ આરંભ થશે. પ્રથમ ફેસ્ટીવલમાં વિદેશના જાણીતા એવોર્ડ વિજેતા ફિલ્મો ઉપરાંત શહેરના યુવા દિગ્દર્શકો નિર્મિત પ્રોજેક્ટ ફિયર પણ દર્શાવવામાં આવશે. ઈન્જેન એડવર્ટાઝીંગ રચિત આ ફિલ્મી કલબ : ધ રિલ પિપલની વિશેષ માહિતી માટે બરોડા હાઈસ્કૂલ, અલકાપુરીનો સંપર્ક કરી શકાશે.